-

## ૫મા એડીશ્નલ સેશન્સ જજશ્રી સમક્ષ, મું.રાજકોટ

## ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૬૫/૨૦૨૬
**આંકઃ –**

**ભરતભાઈ રઘુભાઈ કુંગશીયા,**
હાલ–સેન્ટ્રલ જેલ, રાજકોટ. .......... અરજદાર

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** ......... સામાવાળા

**બાબતઃ– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**અરજદાર તરફે :–વિદ્ધાન વકીલ શ્રી બી. વી. ડોડીયા**
**સામાવાળા સરકારશ્રી તરફે :–વિદ્ધાન એ.પી.પી.શ્રી ડી. એમ. મહેતા**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

## ચુ કા દો

(૧) અરજદાર/આરોપી, રાજકોટ શહેર ગાંધીગ્રામ પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૦૮૦૩૫૨૬૦૩૧૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૧૦૯(૧), ૧૨૫ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)એ, ૨૫(૧–બી)એ, ૨૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમા હોય, નિયમીત જામીન ઉપર મુકત થવા માટે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ હેઠળ આ જામીન અરજી, અરજીમાં જણાવેલ કારણોસર કરેલ છે.

(૨) અરજદારની અરજી અંગે સામાવાળા સરકારશ્રીને ધોરણસરની નોટીસ કરવામાં આવેલ, જે નોટીસની બજવણી થઈ જતા સરકારશ્રી તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રી ડી. એમ. મહેતા હાજર થયેલ છે અને **આંક–૬** થી ત.ક.અ.નું સોગંદનામુ રજુ કરેલ છે.

**ફરિયાદ પક્ષના કેસની ટુંકી હકીકત/આક્ષેપઃ**

(૩) આ કામના આરોપીઓએ, તા.૦૯/૦૫/૨૦૨૬ ના રોજ કલાક ૧૬–૩૦ વાગ્યાના સુમારે જામનગર રોડ પર નાગેશ્વર જવાના રસ્તે આવેલ જેમ્કો સેલ્સ એન્ડ

સર્વીસ ખાતે કોઇ કારણોસર ઝઘડો કરી, પોત પોતાની પાસે રહેલ હથિયાર વડે એકબીજાને જાનથી મારી નાખવાની કોશીષ કરી, જેમા દિવ્યરાજસિંહે પોતાની પાસેના હથિયારમાંથી બે રાઉન્ડ ફાયરીંગ કરી અને રામદેવ ડાંગરે પોતાની પાસેના હથિયાર વડે ફાયરીંગ કરવાની પોઝીશનમા આવી દિવ્યરાજસિંહ તરફ તાકી, કાયદો વ્યવસ્થા હાથમા લઇ જાહેરમા ડરનો માહોલ ઉભો કરી, શહેરમા શાંતિ ડોળાવવાનો પ્રયત્ન કરી,હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાની ફરિયાદ આપવામા આવેલ છે.

હાલના અરજદાર/આરોપી સામે સહઆરોપી રામદેવભાઇ લક્ષ્મણભાઇ ડાંગરને બે પીસ્ટલ સપ્લાય કરેલ હોવાનો આક્ષેપ છે.

**અરજદાર તરફેની દલીલોઃ**

(૪) અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદમાં અરજદારનું નામ આપવામા આવેલ નથી. અરજદાર બનાવ સ્થળે હાજર નથી કે તેઓએ કોઇને ઈજા કરેલ હોય તેવો તેમની સામે આક્ષેપ પણ નથી. અરજદાર લાંબા સમયથી જેલમાં છે. અરજદારના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન થઇ ગયેલ છે. અરજદાર પાસેથી કાઈં રીકવર કે ડીસ્કવર કરવાનું બાકી નથી. અરજદાર ઉપર પરીવારના ભરણપોષણની જવાબદારી છે. આ કેસમાં તપાસના અંતે ચાર્જશીટ ફાઇલ થયા બાદ કેસની ટ્રાયલ ચાલતાં ઘણો સમય લાગે તેમ છે. અરજદારને જામીન મુકત કરવામાં ન આવ્યેથી પ્રિ–ટ્રાયલ કન્વીકશન જેવી પરિસ્થિતિ થાય તેમ છે. અરજદાર અરજીમાં દર્શાવેલ સરનામે કાયમી વસવાટ કરે છે, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. આ ગુનાના સહઆરોપી દિવ્યરાજસિંહ સરવૈયાને ફો.પરચુ. અરજી નં.૧૫૦૨/૨૦૨૬ ના કામે તેમજ અન્ય સહઆરોપી કુલદિપસિંહ જાડેજા અને અજયરાજસિંહ ચુડાસમાને ફો.પરચુ. અરજી નં.૧૫૨૨/૨૦૨૬ ના કામે તેમજ સહઆરોપી રામદેવભાઇ લક્ષ્મણભાઇ ડાંગરને ફો.પ.અ.નં.૧૬૮૧/૨૦૨૬ ના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ છે અને હાલના અરજદારનો ગુનાહિત રોલ આ જામીન મુકત થયેલ સહઆરોપીઓ કરતા ઉતરતી કક્ષાનો હોય, અરજદારને પેરીટીના સિદ્ધાંતને ધ્યાને લઇ યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલ છે.

અરજદારના વકીલશ્રીએ પોતાની રજૂઆતના સમર્થનમા આંક–૬ ના લીસ્ટથી ઉપરોકત જામીન અરજીના હુકમોની નકલો રજૂ રાખેલ છે.

અરજદારના વકીલશ્રીએ નામદાર સુપ્રિમ કોર્ટે, **પ્રભાકર તીવારી વિ. સ્ટેટ**

**ઓફ યુપી** ના કેસમા આપેલ ચુકાદો રજૂ રાખેલ છે અને દલીલ કરેલ છે કે, આરોપી સામે અન્ય ક્રીમીનલ કેસ પેન્ડીંગ હોવા માત્રથી તેઓની જામીન અરજી નામંજૂર કરી શકાય નહિ, જેથી અરજદારનો ગુનાહિત ઈતિહાસ ધ્યાને લેવો જોઇએ નહિ અને જામીન અરજી મંજૂર કરવા જણાવેલ છે.

**સરકાર તરફેની દલીલોઃ**

(૫) આ કામે વિદ્વાન એ.પી.પી.શ્રીએ એફ.આઇ.આર. માં જણાવેલ આક્ષેપોનો પુનરોચ્ચાર કરેલ છે અને વધુમા એવી રજુઆત કરેલ છે કે, અરજદાર ગુનામાં ઉપયોગ થયેલ મુદ્દામાલ પીસ્ટલ ના સપ્લાયર છે. તેઓ સામે જુદા જુદા પો.સ્ટે.મા શરીર સંબંધી કુલ-૧૦ ગુનાઓ દાખલ થયેલ છે, જેમા ઇ.પી.કો. કલમ-૩૦૭ વિ. મુજબના બે ગુનાના કામે તેઓ સામેનો સેસન્સ કેસ ચાલી જતા તેઓને તકસીરવાન ઠરાવવામા આવેલ છે, જે ચુકાદા વિરૂદ્ધ કરવામા આવેલ અપીલના કામે નામદાર ગુજરાત હાઇકોર્ટે તેઓને જામીન મુકત કરેલ છે, જે દરમ્યાન હાલનો ગુનો બનવા પામેલ છે. આમ, અરજદાર બહોળો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પોલીસ તપાસ ચાલુ છે. અરજદાર વિરૂધ્ધ પ્રથમ દર્શનીય કેસ છે. અરજદાર જામીન મુકત થતાં બનાવ નજરે જોનારને ધાક ધમકી આપી ફોડવાની કોશીષ કરે તેવી તેમજ નાસી-ભાગી જાય તેવી પુરી શકયતા છે અને પોલીસ તપાસ ખોરંભે પડે તેમ છે. જેથી, સમગ્રપણે અરજદારની જામીન અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

**નિર્ણય માટેના કારણોઃ**

(૬) જામીન અરજી વંચાણે લીધી, બંને પક્ષકારોની રજુઆતો સાંભળી, પોલીસ પેપર્સ તથા ત.ક.અમલદારનો રીપોર્ટ વંચાણે લીધો.

- આરોપીઓએ જાતે ફરિયાદ આપેલ નથી.
- સમગ્ર પોલીસ પેપર્સ જોતાં, હાલના અરજદાર સામે ગુનામા ઉપયોગ થયેલ પીસ્ટલ સહઆરોપી રામદેવ લક્ષ્મણભાઇ ડાંગરને સપ્લાય કરેલ હોવાનો આક્ષેપ છે. આમ, અરજદારે મુદ્દામાલ હથિયાર ધારણ કરી, કોઇને ઈજા કરેલ નથી.
- અત્રેની અદાલતે સહઆરોપી દિવ્યરાજસિંહને ફો.પરચુ. અરજી નં.૧૫૦૨/૨૦૨૬ ના કામે, સહઆરોપી કુલદીપસિંહ જાડેજાને અને અજયરાજસિંહ ચુડાસમાને ફો.પરચુ. અરજી નં.૧૫૨૨/૨૦૨૬ ના કામે તેમજ સહઆરોપી રામદેવભાઇ

લક્ષ્મણભાઇ ડાંગરને ફો.પ.અ.નં.૧૬૮૧/૨૦૨૬ ના કામે અત્રેની અદાલત દ્વારા રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામા આવેલ છે.

– ત.ક.અધિકારીનું સોગંદનામુ જોતાં, અરજદાર સામે જુદા જુદા પો.સ્ટે.મા કુલ–૧૦ ગુનાઓ નોંધાયેલ છે જે પૈકી બે સેસન્સ કેસ ચાલી જતા તેઓને સજા થયેલ છે પરંતુ, નામદાર સુપ્રિમ કોર્ટે, **પ્રભાકર તીવારી વિ. સ્ટેટ ઓફ યુ.પી. ((૨૦૨૦)૧૧ એસીસી ૬૪૮)** ના ચુકાદામાં એવુ અવલોકન કરેલ છે કે, *"mere pendency of multiple criminal cases against an accused can not be the sole basis for refusing to grant bail, if the case otherwise warrants it".* જેથી અરજદાર સામે માત્ર આઠ કેસો પેન્ડીંગ હોવાના કારણસર તેમજ બે ગુનામા સજા થયેલ હોવાના કારણસર તેઓને આ કેસની ટ્રાયલ ચાલતા સુધી જેલમા રાખી શકાય નહિ.

– આ કેસમાં પોલીસ તપાસ હજુ ચાલુ છે પરંતુ, અરજદારના કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશન થઇ ગયેલ છે, ગુનામાં ઉપયોગ થયેલ હથિયાર પણ રીકવર થઇ ગયેલ છે.

આમ, ઉપરોકત તમામ હકીકતોને ધ્યાને લેતાં, અરજદારને કેસનો ગુણદોષ ઉપર નિર્ણય થતા સુધી અટકાયત હેઠળ રાખવા ન્યાયોચીત અને વ્યાજબી જણાઇ આવતુ ન હોય, કડક શરતોને આધિન અરજદારને જામીન મુકત કરતો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

**ફો.પ.અ.નં.૧૭૬૫/૨૦૨૬** મંજુર કરવામાં આવે છે તથા **અરજદાર/આરોપીને, રાજકોટ શહેર ગાંધીગ્રામ પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૦૮૦૩૫૨૬૦૩૧૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૧૦૯(૧), ૧૨૫ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)એ, ૨૫(૧–બી)એ, ૨૭, ૨૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧)** મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીએ રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા સંબંધિત કોર્ટ સમક્ષ રજુ કર્યેથી નીચેની શરતો સાથે નિયમિત જામીન મુકત કરવામાં આવે છે.

**શરતોઃ–**

(૧) અરજદાર/આરોપીએ પોલીસ તપાસમાં સાથ–સહકાર આપવો.

(૨) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કોઇ કૃત્ય કરવું કે કરાવવું નહી.

(૩) અરજદાર/આરોપીએ ચાર્જશીટ થતા સુધી દર અંગ્રેજી મહીનાની ૧ થી ૫ તારીખમાં કોઈપણ એક દિવસે સંબંધિત પોલીસ સ્ટેશનમાં બપોરે ૨.૦૦ થી ૬.૦૦ દરમિયાન હાજરી પુરાવવી.

(૪) અરજદાર/આરોપીએ પોતાનું રહેણાંકનુ કાયમી સરનામુ આધારકાર્ડ અથવા ચુંટણીકાર્ડની નકલની વિગતો સાથે સંબંધિત કોર્ટમાં લેખિતમાં પુરસીસથી જાહેર કરવું તથા તેવા સરનામામાં ફેરફાર થયે નવુ સરનામુ સંબંધિત કોર્ટમાં રજુ કરવાનુ રહેશે.

(૫) અરજદારે સંબંધિત કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાતની હદ છોડવી નહીં.

(૬) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધિત કોર્ટમાં સાત દિવસમાં જમા કરાવવો, જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનુ સોગંદનામું રજુ કરવું.

(૭) અરજદાર આરોપીએ તેઓ વિરુધ્ધના કેસની ટ્રાયલ દરમ્યાન સંબંધિત કોર્ટ સમક્ષ નિયમિત રીતે દર મુદતે સમયસર હાજર રહેવુ. યોગ્ય કારણોસર આરોપીએ આપેલ મુક્તિ રીપોર્ટ મંજુર કરવા ટ્રાયલ કોર્ટ હકકદાર રહેશે.

(૮) તપાસ કરનાર અમલદારને જયારે એવું લાગે કે, અરજદારે ઉપર જણાવેલ કોઈ શરતનો ભંગ કરેલ છે તો તે આરોપીના જામીન રદ કરવા સંબંધેની કાર્યવાહી કરી શકે છે.

હુકમની જાણ કરતી યાદી સંબંધિત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને મોકલવી.

હુકમ આજ **તા.૧૫મી જુન, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૫/૦૬/૨૦૨૬**
રાજકોટ.

**(પ્રિયંકા અગ્રવાલ)**
૫મા એડિશ્નલ સેશન્સ જજ
રાજકોટ
કોડ નં.જીજે.૦૧૫૯૭